**માનનીય અધ્યક્ષશ્રી,**

નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે અને એ બજેટમાં જે આંકડાકીય માહિતીઓ દેખાડવામાં આવી રહી છે તેના ઉપર મારે મારા વિચારો રજૂ કરવા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી એવું કહેતા કે સાચું ભારત ગામડાઓમાં વસે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ભૌગોલિક રીતે 65 % વસ્તી અને 75 % જેટલો વિસ્તાર ધરાવતા ગામડામાં વસતા ગરીબોને અને ખેડૂતોને અન્યાય કરતું આ બજેટ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આમ જોવા જઈએ તો આ બજેટ દ્વારા ક્યાંક ને ક્યાંક ગામડામાં વસતા ગરીબ ખેડૂતનો કોળિયો છીનવી શહેર માં વસતા અમીરો ની થાળીમાં પીરસી દેવામાં આવ્યું છે માટે આ બજેટ ને હું સમર્થન કરી શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી

આ બજેટમાં પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગને ટોટલ બજેટ ના માત્ર 2. 9 % એટલે ત્રણ લાખ બત્રીસ હજાર ચારસોને પાસઠ કરોડ માંથી માત્ર 12138 કરોડ જેટલી જ રકમ ફાળવવામાં આવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

બીજા રાજ્યોની ટોટલ ગ્રામ વિકાસ વિભાગની ફાળવણી ને ધ્યાને લઈએ તો નેશનલ એવરેજ રેશિયો 5 % જેટલી છે જેની સામે આપણી સરકાર છેલ્લા ત્રણ વર્ષથી માત્ર ટોટલ બજેટ ના 2. 9 % રકમ જ ફાળવે છે.

અને એવી જ રીતે માનનીય અધ્યક્ષશ્રી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની વાત કરીએ તો એમાં પણ નેશનલ એવરેજ 5. 9 % બજેટ ફાળવણી ની છે તેની સામે ગુજરાત માં ટોટલ બજેટ ના માત્ર 4 % જેટલું જ બજેટ આ વિભાગને માનનીય અધ્યક્ષ શ્રી ફાળવવામાં આવ્યું છે.

**માનનીય અધ્યક્ષ શ્રી,**

આ ગૃહમાં 139 માનનીય ધારાસભ્ય શ્રીઓ ખેડૂત અને ગ્રામ્ય પ્રજાના મતોથી ચૂંટાઈને આવ્યા છે ત્યારે ખેતીને અને ગામડાને ખૂબ જ ઓછું બજેટ ફાળવી સરકારશ્રી એ ગરીબો, ખેડૂતો અને પછાત સમાજો ને ખૂબ જ અન્યાય કર્યો છે.

તો માનનીય અધ્યક્ષ શ્રી હું આ બજેટ ને ખેડૂત વીરોધી ગણું છું અને મારુ સમર્થન આપી શકતો નથી.

**માનનીય અધ્યક્ષશ્રી,**

બજેટમાં આરોગ્ય બાબતે પણ 32.40 % ના વધારા ની વાતો કરવામાં આવે છે પણ વાસ્તવિકતા કઈક અલગ જ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગત વર્ષના રીવાઈઝડ બજેટ માં જોઈએ તો કુલ બજેટ ના 6.5 % ખર્ચ આરોગ્ય પાછળ થયો હતો તેની સરખામણી એ આ વખતે બજેટ માં 6.6 % ની જોગવાઈ કરવામાં આવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી**

2015/2016 થી 2021/2022 વચ્ચે જેટલા પણ બજેટ આવા કેપિટલ આઉટ લે ઉપર 14 % જેટલો ઓછો ખર્ચ કરવામાં આવ્યો છે એ પ્રમાણે જોવા જઈએ તો આંકડાકીય માયાજાળ માં ના પડતાં સીધી વાત કરું તો દર વર્ષે કુલ બજેટ ના 14 % જેટલું બજેટ વણ વપરાયેલું પડ્યું રહે છે તેનું એક માત્ર કારણ એ છે કે સમગ્ર રાજ્યમાં દરેક વિભાગમાં સ્ટાફ ની અછત છે. જેના લીધે ખાસ કરીને ગામડાઓમાં વિકાસના કામો સમયસર થઈ શકતા નથી અને સાથે સાથે ગુજરાતમાં શિક્ષિત બેરોજગારી પણ વધવા પામી છે. તાંત્રિક સ્ટાફ ઓછો હોવાના લીધે હાલ ગામડાઓમાં પણ સંખ્યાબંધ વિકાસ ના કામો પેન્ડિંગ પડ્યા છે. ત્યારે સરકાર માત્ર મોટા આંકડાઓ બતાવી વાહવાહી લૂટી રહી છે પરંતુ ખરા અર્થમાં જ્યાં વિકાસ ની જરૂર છે એવા ક્ષેત્રોમાં પરિસ્થિતિ ત્યાંને ત્યાં જ છે.

**માનનીય અધ્યક્ષશ્રી ,**

દર વર્ષે બજેટ માં ગામડાઓ સાથે અન્યાય થતો આવ્યો છે અને આ વર્ષે બજેટ માં પણ આ સિલસિલો યથાવત છે ત્યારે દુખની વાત એ છે કે સૌથી વધુ ધારાસભ્યો ગામડા વિસ્તાર નું પ્રતિનિધિત્વ કરી રહ્યા હોવા છતાં બહુ ઓછા સભ્ય શ્રીઓ આ બાબતે અવાજ ઉઠાવી રહ્યા છે.

**માનનીય અધ્યક્ષ શ્રી,**

બીજા બોલે કે ના બોલે પણ મને જે લોકોએ, જે વિસ્તારમાંથી અહી પ્રતિનિધિત્વ કરવા મોકલ્યો છે તેમના હિત માટે હું તો બોલીશ. આથી હું આ બજેટ ને ગામડા વિરોધી ગણાવી સમર્થન નહીં આપું.